# Suryakal

## Skipper Limited announces its arrival in Gujarat with its new manufacturing facil

**Date: 16/04/2015 | Edition: Ahmedabad | Page: 7 | Source: Bureau | Clip size (cm): W: 9 H: 21**

**Clip: 1 of 1**


# સ્કીપર લિ. એ પીવીસી પાઈપ્સના નવા ઉત્પાદન એકમ સાથે ગુજરાતમાં પ્રવેશ કર્યો



અમદાવાદ, બુધવાર

ભારતમાં ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વોટર ટ્રાન્સમિશન સેક્ટર્સમાં ટોચની ત્રણ કંપનીઓમાંની એક સ્કિપર લિ. એ ગુજરાતમાં નવા પીવીસી પાઈપના ઉત્પાદન એકમ સાથે રાજ્યમાં તેના આગમનની જાહેરાત કરી છે. પૂર્વીય ભારતની બહાર વિસ્તરણ કરતાં સ્કિપર લિમિટેડનો નવો સેટેલાઈટ પ્લાન્ટ આંતરરાષ્ટ્રીય ધારાધોરણની પીવીસી પાઈપ્સની શ્રેષ્ઠ બ્રાન્ડ મારફત ગ્રાહકની નિકટતાની જરૂરિયાત પુરી કરશે. ભારતમાં પીવીસી પાઈપ ઉત્પાદકોમાં અગ્રણી સ્થાન ધરાવતી કંપનીએ ગુજરાતમાં પગ મુકવા સાથે જળસંશાધન ઉદ્યોગમાં તેની મહત્વાકાંક્ષી યોજનામાં તેનું સૌપ્રથમ પગલું ભર્યું છે. કેટલીક સામાજીક જવાબદારીની પહેલો હાથ ધરનાર સ્કીપર સેન્ટર ઓફ એક્સલન્સનો કાર્યક્રમ સ્કીપર સાથી પણ વિકસાવશે. આ સેન્ટર ખેડૂતો અને પ્લમ્બિંગ કોમ્યુનિટીને મફત તાલિમ આપશે. કંપનીએ આ પહેલ હેઠળ ગુજરાતમાં ૨૦૦૦ અર્ધ કુશળ અથવા અકશુળ પ્લમ્બર્સ અને ૧૦૦૦૦ ખેડૂતોને તાલીમ આપી છે.

સ્કીપર લિ.ના ડિરેક્ટર દેવેશ બંસલે જણાવ્યું હતું કે ભારતીય પીવીસી પાઈપ્સ અને ફિટિંગ્સ બજાર નાણાંકીય વર્ષ ૨૦૧૯ સુધીમાં રૂ. ૩૯૧ અબજનું થઈ જશે. તેમાં વાર્ષિક ૮ - ૧૦ ટકા વૃદ્ધિ જોવા મળશે.

સ્કીપર લિ.ના ડિરેક્ટર સિદ્ધાર્થ બંસલે જણાવ્યું હતું કે અમદાવાદમાં ૧૦૦૦૦ થી વધુ એમટીની ઉત્પાદન ક્ષમતા સાથે સ્કીપર ગુજરાતમાં સૌથી વધુ ઉત્પાદન કરતી ટોચની કંપનીઓમાં ટોચનું સ્થાન મેળવશે. આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના બજારમાં દસ ટકા બજાર હિસ્સો કબજે કરવા પર અમારી નજર છે. આગામી કેટલાંક વર્ષમાં વર્તમાન ઉત્પાદન ક્ષમતાને અંદાજે ૪૦૦૦૦ એમટી સુધી લઈ જવાની કંપનીની યોજના છે. ગુજરાતમાં અમારો નવો એકમ વિશ્વ સ્તરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે લેટેસ્ટ પાઈપ એક્સ્ટ્રુસન મશીનરીથી સજ્જ હશે.